# 'એક ક્ષણનો ઉન્માદ' : સ્થાપિત પરંપરાને અનુરૂપ | કંદર્પ ર. દેસાઈ

[**એક ક્ષણનો ઉન્માદ** (વાર્તાસંગ્રહ) : હરીશ નાગ્રેચા, ૨૦૦૭, રન્નાદે પ્રકાશન, ડેમી પૃ.૨૩+૨૫૩, રૂ. ૧૩૫]

'એક ક્ષણનો ઉન્માદ' એ હરીશ નાગ્રેચાનો ચોથો વાર્તાસંગ્રહ છે. તેમાં સત્તર ટૂંકી વાર્તાઓ છે. અગાઉની જેમ અહીં પણ સ્ત્રીસંવેદનાને કેન્દ્રમાં રાખી લખાયેલી વાર્તાઓ તો છે; તદ્ઉપરાંત શહેરી જીવને માણસને, માનવસંબંધોને કેવી રીતે ડિસ્ટર્બ કરી દીધા છે તેની પણ કેટલીક સારી વાર્તાઓ સાંપડે છે. આવી વાર્તાઓમાં સૌથી વધુ ધ્યાન ખેંચે છે 'મમરિયો'.

પ્રજાસત્તાક દિન પહેલાં ટ્રાફિક સિગ્નલ પર બે-ત્રણ રૂપિયામાં વેચાતા પ્લાસ્ટિકના રાષ્ટ્રધ્વજ જોઈ અકળાતા સ્વાતંત્ર્યસેનાની મોહનલાલ અને બીજી બાજુ એવી જ નિર્દોષ દેખાતી પ્રવૃત્તિ કરતાં કરતાં આતંકવાદી કૃત્યો કરનારા યુસુફ મુસાનો ઇન્ટરવ્યૂ એમ બે પરિસ્થિતિને સાથે સાથે વર્ણવતી વાર્તા 'મમરિયો' બધિર અને સંવેદનહીન રાષ્ટ્રભાવનાને યથાતથ ઉપાડી પાડે છે. મમરાના લાડુની લાલચે એક કિશોર ક્રમે ક્રમે મુંબઈને દહેશતની ગર્તામાં ધકેલનાર ત્રાસવાદી કેવી રીતે બની જાય છે તે યુસુફ મુસાના ક્રમશઃ વિકસતા પાત્રાલેખન દ્વારા સરસ નિરૂપાયું છે તો સામે તેને સલામ ઠોકતો પોલીસ કોન્સ્ટેબલ કે માત્ર લોકોના મનોરંજનમાં જ રચીપચી રહેતી ન્યૂઝ ચૅનલ કે ભવિષ્યની પેઢીને કેળવવાની જવાબદારીમાંથી છટકી જતી આજની પેઢી – બકુ અને અનિકેત વગેરેનું આલેખન વાચકને બેચેન કરી મુકે એવું થયું છે. આશા તો છે, ભલે વૃદ્ધ તો વૃદ્ધ મોહનલાલ – નામ પણ સાંકેતિક છે ! રાષ્ટ્રધ્વજનું ગૌરવ જળવાય તે માટે પગે રગદોળાતા ધ્વજને એકઠા કરવાનું નક્કી કરે છે પણ બહુમતી તો એવી જ નિંભર અને પોતાનામાં જ મસ્ત અનિકેત જેવી છે જે એટલે તો એ વિચારે છે... ''ડોસાનું ખસી ગયું છે કે શું ?''

મુંબઈ પરના તાજેતરના હુમલાએ આ વાર્તાના સત્યને એકદમ સ્પષ્ટ કરી આપ્યું છે, નાની નાની લાલચોથી ઉપર ઊઠીને દેશના ગૌરવને આગળ નહીં મૂકીએ તો પરિણામે સ્વાતંત્ર્ય અને સાર્વભૌમત્વ જોખમમાં મુકાવાનું જ છે. એક વાર્તાકાર સમાજ સાથેની એની નિસ્બત આથી વધુ દૃઢતા અને માર્મિકતાથી કઈ રીતે વ્યક્ત કરી શકે ?

'ઝોલાં ખાતો માણસ' સત્ય અને મિથ્યાને નવા સંદર્ભથી ચકાસતી વાર્તા છે. યશવર્ધનની એકવીસમી નવલકથાના પ્રકાશન સમયે લેખકનો ઇન્ટરવ્યૂ છાપવાના તંત્રીના નિર્ણયને પરિણામે પત્રકાર કામ્યા વયોવૃદ્ધ લેખકની મુલાકાતે જાય છે. વારંવાર ઝોલે ચઢી જવાના પરિણામે સરખો ઇન્ટરવ્યૂ ન લઈ શકાતાં અકળાયેલી કામ્યાની નજરે મોટી સાઇઝનાં કાર્ડ્ઝ ચઢે છે. આ કાર્ડ્ઝમાં, આજના યુગની તારીખે પોતાનું સત્ત્વ, સ્વમાન જાળવી કેમ આગળ વધવું તે સંબંધી પોતાની પુત્રીને સંબોધીને કરેલા અનેક ટાંચણો મળે છે, જે યશવર્ધનને સમાજ સાપેક્ષે મુઠ્ઠી ઊંચેરા સાબિત કરે છે. કામ્યાએ લીધેલો ઇન્ટરવ્યૂ પ્રગટ થતાં જ એક ફોન આવે છે : ''યશવર્ધન તો બેચલર છે, બદનક્ષીનો દાવો માંડીશ.'' જે તંત્રી અને પત્રકારને ખળભળાટ કરતા મૂકી દે છે. તંત્રી માફીનામું સોંપવા જણાવે છે. કામ્યા કહે છે, મારી પાસે એમનો અવાજ કેમ છે ? સત્ય કરતાં વિગતો ચઢિયાતી કેવી રીતે હોઈ શકે ? એમની ફૅન્ટસી એમની સર્જનાત્મકતાનું રહસ્ય છે અને માફીપત્ર આપવાની ના પાડે છે તંત્રી રાજીનામું માંગે છે અને કામ્યા માફીપત્ર અને રાજીનામા વચ્ચે ઝોલાં ખાઈ રહે છે !

સુંદર ! લેખક યશવર્ધન વાર્ધક્યનાં લીધેલ ઝોલે ચઢે છે તે ઝોલું તો વાસ્તવમાં સત્ય અને કલ્પના વચ્ચેનું ઝોલું છે પણ સત્ય અને કલ્પના વચ્ચેનું એ દ્વંદ્વ પત્રકાર કામ્યા સુધી પહોંચતા સ્વમાની અને વ્યવહારુપણા વચ્ચેનું બની રહે છે ! આમ, ઝોલાવું તે જાણે માણસ માત્રની નિયતિનો એક હિસ્સો બની રહે છે !

ભદ્રાની કરુણ નિયતિની વાત 'માખી' વાર્તામાં થઈ છે. ચોખ્ખાઈ અને ચીવટાઈની આગ્રહી ભદ્રાને શરદ રૂપે લઘરવઘર અને અવ્યવસ્થાના પર્યાય સમો પતિ મળ્યો છે. ભદ્રાના સુઘડ વ્યક્તિત્વથી અભિભૂત થયેલો શરદ લઘુતા પામતો ક્રમશઃ નફ્ફટ અને ઉદ્ધત બનતો જઈ લગ્નેતર સંબંધોમાં રાચે છે. સતત માનસિક યંત્રણા વેઠતી ભદ્રાને જે ક્ષણે જાણ થાય છે કે પતિ, અન્ય કોઈ નહીં પણ કામવાળી રાધાબાઈ સાથે જ જોડાયેલો છે તે ક્ષણે તીવ્ર માનભંગ અનુભવી માનસિક સંતુલન ખોઈ બેસે છે. ભદ્રાના સવાયા વ્યક્તિત્વ સામે તેના પતિની હેસિયત માખીથી વિશેષ નથી. ભદ્રાએ પોતાના સ્વમાનને રક્ષી લગ્નના બોજામાંથી જાતને મુક્ત કરી હોત તો તે વિરલ નાયિકામાં સ્થાન પામી માનને હક્કદાર બની હોત અને વાર્તાવાચકોએ એની પ્રશંસા કરી હોત પણ વિદ્રોહ કરવો એ સરળ બાબત નથી. તેથી તેમ ન થતાં ભદ્રા માનસિક સંતુલન ખોઈ નિતાંત કરુણાને પામે છે. વાતોમાં સાંપ્રત સમયે પણ સ્ત્રી કેવી તો લાચાર જીવે છે તે સહજતયા નિરૂપાયું છે.

નૈતિકતા અને ધારાધોરણોનો અભાવ, બદલાયેલાં મૂલ્યો, અંગત સંબંધોને પણ કેવા તોડીફોડી મૂકે છે તેનું નિરૂપણ 'દ્રોહકાંડ'માં જોવા મળે છે. દીકરાને મેડિકલમાં જવું છે. પૈસા ખર્ચી પેપર મેળવી આપો તો સરળતા થાય. મા-દીકરાના આવા આગ્રહ સાથે કથાનાયક ભીષ્મ સંમત નથી. સ્વાર્થ અને નાગરિક ધર્મના ધરા આકાશ વચ્ચે ત્રિશંકુની જેમ અટવાવા કે ઝૂલ્યા કરવાને બદલે કુટુંબના તાત્કાલિક લાભ-સ્વાર્થમાં ન ફસાતાં સમગ્ર સમાજના સ્થાયી સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપીને પેપર ફોડી આપતી ટોળકીનો પર્દાફાશ કરવાના સંકલ્પ સાથે ભીષ્મ પોલીસસ્ટેશને પહોંચે છે.

સમાજહિતચિંતાને બદલે સ્વાર્થપરાયણતા સ્થાપિત થઈ જાય એ પહેલાં કોઈએ તો અવાજ ઉઠાવવો પડશે, કદમ માંડવાં પડશે, ભલેને અવાજ ક્ષીણ કેમ ન હોય, કે ડગલું એક જ કેમ ન દેવાય ! ઘટાટોપ અંધકારની કાલિમા વચ્ચે ભીષ્મનું સૂચિત એક પગલું આશાનું એક કિરણ બની રહે છે.

એકમેકને ચાહતા હોવા છતાં અથવા તો ચાહવાના કારણે જ એકબીજા માટે સમસ્યારૂપ બની ગયેલા વ્યક્તિત્વોની વાર્તા એટલે 'બારીથી બારી સુધી'. આધુનિક, શહેરી દામ્પત્યજીવનમાં સમજણ, ઉદારતા અને સહનશીલતાનો વધતો જતો અભાવ એ સંબંધને કેવો અને કેટલો વેરવિખેર કરી મૂકે છે તેનું તાદૃશ્ય નિરૂપણ આ વાર્તામાં મળે છે.

બીમાર પિતાને લઈ જતી ગામડાગામની પુત્રીને જોઈ કથાનાયક અને બસમાં સફર કરનારા અન્ય યાત્રીઓ જે અન્યથા કલ્પના કરે છે તે પણ શહેરી સમાજ જે રીતે લાગણીશૂન્ય બંધિયાર અને વિવેકભાન વિનાનો થઈ રહ્યો છે તેનું દેવાળિયું પરિણામ ''નજરકેદ''માં જોવા

ચાલે છે. આ જ શહેરીજીવનની તાણ બાળપણને તો ભરખી જ ગયું છે. હવે તે માતૃત્વને શી રીતે ભરખી જવા માંડ્યું છે તેની ચિંતા 'હું જાઉં, ભીંજાઉં !'માં સુંદર રીતે આલેખાઈ છે. જોકે પિતાના સ્વસ્થ અભિગમના પરિણામે માતા-પુત્રીનો સંબંધ પણ નૉર્મલ બની, જે મળી તે ક્ષણોને જીવી લેવાના હકારાત્મક અંત ભણી લઈ જાય છે. 'આ શહેર સદશે મને' વાર્તા શહેરી સમાજના મધ્યમવર્ગીય માનસને ઉઘાડી આપતી સુંદર વાર્તા છે. ટૂંકી અને એટલે જ સરસ આ વાર્તા વાંચતાં એક પ્રશ્ન એ પણ ઉદ્‌ભવે છે કે લેખકને લાઘવભર્યું નિરૂપણ આટલું સિદ્ધ હોવા છતાં અન્ય કેટલીય વાર્તાઓ શા માટે લંબાવ્યા કરતા હશે ભલા ! જેમ કે 'ઉડાન'. તો 'અગનખેપ' પણ માતા-પુત્રીના સંબંધને નિરૂપતી નબળી વાર્તા છે. તેની સામે 'ઝાલી ન ઝલાતી છોકરી' મૂકો. સરખાં વિષયવસ્તુ પણ વાર્તાની ટ્રીટમૅન્ટ જુદી અને તેથી પરિણામ પણ જુદું. 'ફૉર અ કપ ઑફ કૉફી' લગ્ન પૂર્વેના સંબંધને પુનઃ આસ્વાદવાના ઓરતા જેવા વિષયને કેન્દ્રમાં રાખી લખાયેલી છે. પણ એ વાર્તા કરતાં રેડિયો-એકાંકી જેવી વધુ લાગે છે. જોકે પતિ-પત્ની વચ્ચેની એકબીજાને ગિલ્ટી ફીલ કરાવવાની રમત રસ પડે તેવા સંવાદોમાં લખાઈ છે.

'એક ક્ષણનો ઉન્માદ' એ સંગ્રહની શીર્ષકવાર્તા છે. લેખકના આરંભકાળમાં લખાયેલી ઘટનાવિહીન વાર્તાઓની જેમ આ વાર્તા પણ માત્ર પાત્રની મનોમયતામાં રાચે છે અને અંતે જતા અગાઉની એક વાર્તા 'સુમન મળી હતી'ની યાદ અપાવી જાય છે. 'સુમન મળી હતી' વાર્તામાં તો નાયકની ઉદાસી વાચકને પણ બેચેન કરી મૂકવા સક્ષમ હતી. પણ આ વાર્તાનો ઉન્માદ વાચકને પાગલ તો ઠીક, વિચલિત કરી મૂકવા જેટલો પણ પ્રબળ નથી !

'અભિસાર' અને 'રિમઝિમ' આજની યુવા પેઢીની મુગ્ધતાની વાર્તા છે જ્યાં લગ્ન પહેલાંના અફેર કોઈ મોટી વાત નથી કે પછી દૈહિક એષણાઓ પ્રગટ કરવામાં કશો છોછ નથી. 'અભિસાર' વાર્તાની નાયિકા તનુ, ધ્રુવના ઘરે સાવ એકાંતમાં તેના પ્રેમી અભિને મળવા જવાની છે તેનો રોમાંચ ક્ષણે ક્ષણે અનુભવે છે. પરંતુ ક્યાં મળીશું ? એ વાતે પ્લૅટફૉર્મ નંબર એક અને ચાર વચ્ચે થયેલી ગેરસમજથી મિલનનો સઘળો સમય પ્રતીક્ષામાં વીતે છે અને જરાક અમસ્થી શાબ્દિક ટપાટપીના અંતે તનુ વળતી લોકલ પકડી અભિને છોડીને નીકળી પડે છે.

બધું જ વહેલું અનુભવી લેવાની ઉતાવળ, અસહિષ્ણુતા, પ્રેમની ઊંડી લાગણીને બદલે છીછરું આકર્ષણ, વાતે વાતે ઘવાતી લાગણીઓ અને બટકી પડતો અહમ્ – વર્તમાન પેઢીની બધી જ લાક્ષણિકતા આ વાર્તામાં આલેખાઈ છે. એ સાથે તનુમાં જીવતી બીજી તનુ – અંતરાત્મા કહીશું એને ? સાથે સતત ચાલતો સંવાદ, એને રોકવાની કોશિશ કરે છે એટલે સંસ્કારોનું પ્રભુત્વ હજી બાકી છે, પણ એ ક્યાં સુધી ટકશે ? એવો પ્રશ્ન જરૂર થાય છે કેમ કે અંતે બીજી તનુ પહેલી તનુને પૂછે છે, ''આંખમાં પાણી કેમ આવ્યાં ?'' દુઃખ શી વાતે થયું ? અભિને છોડીને આવવાનું થયું તેથી કે આખી બપોર જે રીતે માણવા ચાહી હતી તે પ્રમાણે માણી શકાઈ નહીં તેનું ?

'રિમઝિમ' વાર્તામાં બોયફ્રેન્ડ સાથે ફિલ્મ જોવા ગયેલી રિમઝિમની નજર સામે જ શર્મનનું અપહરણ થાય છે ને પછી જે વરવી વાસ્તવિકતા અને નાટ્યાત્મકતાનો સામનો કરવો પડે છે તે કોઈ રોમાંચક ફિલ્મથી કમ નથી; શર્મન જેવા જ ગૅંગસ્ટર મુનીર મછલી – પણ ના, વાર્તાસાર કહી દઈશ તો તમને મઝા નહીં પડે ! એના કરતાં વાર્તા જ વાંચો ! પછી મન થાય તો મને કાગળ લખજો. તમે પણ રોમાંચક ફિલ્મ જોયાનો આનંદ પામ્યા કે નહીં આ 'રિમઝિમ' વાર્તામાં !

નારીકેન્દ્રી અન્ય વાર્તાઓમાં ! 'કુકુ – એક અનુબંધ'માં કવેળાએ શરીરની ધખનાને પૂરી કરવા ઉતાવળે લગ્ન કરી લેવા અને પોતાના જીવનનું ધ્યેય ખોઈ બેસવાના કારણે અકાળે મૃત્યુ પામતી કુકુની વાર્તા નાયક મન્યાની સાપેક્ષતામાં કહેવાઈ છે, તો 'ઝાલી ન ઝલાતી છોકરી'માં નિત્યા, યુવાન થયેલી દીકરી ચીકુ પુરુષશરીર પાછળ પોતાની કારકિર્દીનું સત્યાનાશ ન વાળે તે માટે પોતે વેઠેલી પીડા દૈહિક આકર્ષણને વશ થઈ પ્રેમમાં પડી લગ્ન બાદ પોતાનું લક્ષ ખોઈ, જાત સામે જ અપમાનિત થઈ તેમાંથી કેવી રીતે પાછી વળી અને શું શું સહન કરીને પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી તેની વિગતે વાત કરી છે.

આ બંને વાર્તા જાણે પરસ્પર પૂરક બની રહી છે અને એક અત્યંત આવશ્યક હાઇપોથિસીસ સમાજ સમક્ષ મૂકે છે કે યુવાવયે સ્ત્રીશરીરમાં થતા હૉર્મોન ચેઇન્જસના કારણે પુરુષ તરફ થતા આકર્ષણને સહજતાથી લેવું. જો ઉછાળા અદમ્ય હોય તો લગ્ન પહેલાં શરીરસંબંધ બાંધવો, પણ લગ્નની ઉતાવળ ન કરવી, પોતાનું લક્ષ્ય છોડવું નહીં. જો ધ્યેય ચૂક્યા તો પોતાની ઓળખ ખોઈ જાત સામે જ અપમાનિત થવાનો વારો આવશે.

આ બે વાર્તા અને અન્ય કેટલીક વાર્તાઓ 'ઉડાન' 'અભિસાર' 'ઝોલાં ખાતો માણસ' વગેરેમાં પણ આ વિચાર એક યા બીજી રીતે મુકાયો છે તે જોતાં લેખક પોતાના આવા જીવનતારણને ખાસ્સા ગંભીરતાથી લેતા હોય તેમ જણાય છે પરંતુ તે સ્ત્રી માટે અને પરિણામે સમાજ માટે કેટલું ઉપકારક હશે તેનો આગામી સમય જ કહેશે.

લેખક પાસેથી આ સંગ્રહ પહેલાં 'કૂબો', 'કુલડી', 'કેટવોક', 'પદભ્રષ્ટ' જેવી નારીસંવેદનાની ઉત્તમ વાર્તાઓ સાંપડી હતી તે બરની એકે વાર્તા અહીં નથી તે નોંધવું રહ્યું. જોકે સંગ્રહમાં 'મમરિયો' અને 'ઝોલા ખાતો માણસ' જેવી ઉત્તમ વાર્તાઓ તો છે જ અને 'માખી', 'આ શહેર સદશે મને', 'હું જાઉં ભીંજાઉં', 'દ્રોહકાંડ' જેવી નોંધપાત્ર વાર્તાઓ પણ મળે છે. આમ, આ સંગ્રહમાં પણ વાર્તાકાર એમની વાર્તાલેખનની ક્ષમતા દર્શાવે જ છે. સરવાળે એવું કહી શકાય કે પોતે સ્થાપેલાં ધોરણ મુજબની વાર્તાઓ અહીં અલબત્ત મળી છે પણ તેને વળોટી આગળ વધી શકાયું નથી. આ વિધાનની સાથે એક સ્વીકારોક્તિ એ પણ કરી લેવી જોઈએ કે પાંચ આંગળીઓ સમાન નથી તો વાર્તાઓ પણ તેના પ્રભાવ સંદર્ભે અસમાન હોઈ શકે ! હા, વિષયમાં વૈવિધ્ય જરૂર ઉમેરાયું છે તેથી આગામી સમયમાં એવી વાર્તાઓ સાંપડશે જ તેવી આશા અસ્થાને નથી કેમ કે હરીશ નાગ્રેચા સિદ્ધ વાર્તાકાર તો છે જ.

સંગ્રહમાં લેખકે પ્રસ્તાવનામાં પોતે વાર્તા કેવી રીતે લખે છે કે નારીકેન્દ્રી સંવેદનની વાત આટલી સરસ રીતે વાર્તામાં કેમ મૂકી શક્યા છે, તેની વિગતે વાત કરી છે તે અભ્યાસુને ઉપયોગી નીવડશે.